સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 5 | ગણિત | ડિસેમ્બર,2020

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. નકશા પરથી પ્રશ્નોના જવાબ આપે છે.

પ્રશ્ન – 1 નક્શો જોઇ તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 05

ઉત્તર ↑

પશ્ચિમ ←



પૂર્વ →

દક્ષિણ ↓

1. અમદાવાદથી નર્મદા જતાં કયા કયા જિલ્લામાંથી પસાર થવું પડે છે?
2. કચ્છથી અરવલ્લી જિલ્લો કઈ દિશામાં આવેલો છે?
3. મોરબીને કયા કયા જિલ્લાની હદ અડે છે?
4. પાટણની ઉત્તરે કયો જિલ્લો આવેલો છે?
5. દરિયા કાંઠો જેની હદને અડતો હોય એવા બે જિલ્લાનાં નામ લખો.

અ.નિ. પ્રમાણમાપની મદદથી ચિત્રો અને નકશાને નાના કે મોટા સ્વરૂપે દોરે છે.

પ્રશ્ન – 2 અહીં 1 સે.મી. માપવાળી જાળી પર મીણબત્તીનું ચિત્ર દોરેલ છે. આ ચિત્રને બાજુમાં આપેલ 2 સે.મી.ના માપવાળી જાળીમાં દોરો. તમે દોરેલ મીણબત્તીનું ચિત્ર મૂળ ચિત્ર કરતા કેટલા ગણુ મોટું છે? 05





અ.નિ. ઘર, વર્ગખંડ અને શાળાના સાદા નક્શાઓમાં ચિહ્નો, સંજ્ઞાઓ, દિશાના આધારે કોઇ વસ્તુ કે સ્થળનું સ્થાન દર્શાવે છે.

પ્રશ્ન – 3 નીચેના નક્શાને ધ્યાનથી જુઓ અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો. **05**



1. લાયબ્રેરીની લંબાઇ તથા પહોળાઇ કેટલી છે?
2. કાર્યાલયની પૂર્વ દિશા તરફ શું છે?
3. બગીચાની પહોળાઇ કેટલી છે?
4. ધોરણ–7 ના વર્ગખંડની સામે કયા ધોરણનો વર્ગખંડ આવેલો છે?
5. સભા મેદાન અને રમતના મેદાનમાંથી કોનું ક્ષેત્રફળ વધુ છે?

અ.નિ. શંકુ, નળાકાર અને સમઘનની આકૃતિઓ દોરે છે તથા તે માટે રચેલ જાળી (નેટ) ની મદદથી બનાવે છે.

પ્રશ્ન – 4 નીચે આપેલા આકારો ધ્યાનથી જુઓ અને જે આકારોને વાળવાથી સમઘન બનતો હોય તેની નીચે <u>' હા '</u> તથા સમઘન ના બનતો હોય તેની નીચે <u>'ના '</u> લખો. **05**



અ.નિ. શંકુ, નળાકાર અને સમઘનની આકૃતિઓ દોરે છે તથા તે માટે રચેલ જાળી (નેટ) ની મદદથી બનાવે છે.

પ્રશ્ન – 5 (અ) સમઘનનું વાસ્તવિક ચિત્ર બનાવો. **03**

(બ) નીચે આપેલ ખોખાનું વાસ્તવિક ચિત્ર બનાવો. **02**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 5 **ગણિત** **જુલાઈ, 2020**

સમયઃ 1 કલાક **કુલ ગુણઃ 25**

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- **Learning Outcome)**

અ.નિ. પોતાની આસપાસના પર્યાવરણમાં વપરાતી 1000થી મોટી સંખ્યાઓ વાંચે છે અને લખે છે.

પ્રશ્નઃ 1. નીચે આપેલ ખાલી જગ્યામાં સંખ્યાને અંકમાં કે શબ્દોમાં લખો. **(05)**

1. એક હજાર ત્રણ : _____
2. _____ : 10,600
3. _____ : 55,020
4. પાંસઠ હજાર ત્રણસો દસ : _____
5. વીસ હજાર પાંચસો ઓગણપચાસ : _____

અ.નિ. 1000 થી મોટી સંખ્યાઓની સ્થાનકિંમતના આધારે સરખામણી કરે છે.

પ્રશ્નઃ 2. માગ્યા મુજબ જવાબ આપો.

1. નીચેનામાંથી કઇ સંખ્યા સૌથી મોટી છે ? (01)

   (a) 4582 (b) 4852 (c) 4528 (d) 4825

2. નીચેનામાંથી કયું સાચું છે ? (01)

   (a) 8920 < 8902 (c) 1897 < 1879

   (b) 5004 < 5040 (d) 7452 > 7542

3. નીચેનામાંથી કઇ સંખ્યા 10,000ની સૌથી નજીક છે ? (01)

   (a) 15,000 (b) 11,540 (c) 12,040 (d) 10,050

4. એક દુકાનદારે નીચેની વસ્તુઓ વેચવા માટે હોલસેલર પાસેથી ખરીદી કરી, તો તેણે કઇ વસ્તુના કેટલા રૂપિયા વધારે આપ્યા હશે ? (02)

	વસ્તુ	વસ્તુના ભાવ	વસ્તુની સંખ્યા
1.	મોબાઇલ	₹ 5000	02
2.	ઇસ્ત્રી	₹ 1000	12

અ.નિ. ચાર મૂળભૂત ક્રિયાઓના પરિણામનો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.

પ્રશ્ન: 3. માગ્યા મુજબ જવાબ આપો.

1. આપેલ કોષ્ટક પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (02)

ફળ	1 કિગ્રાના ભાવ	કિંમત
1. ચીકુ	₹ 40	--
2. કેરી	--	₹ 600

(a) 2 કિગ્રા ચીકુની કિંમત કેટલી થાય ?

(b) જો 4 કિગ્રા કેરીના ₹ 600 હોય તો 1 કિગ્રા કેરીનો ભાવ શું હશે ?

2. એક વર્ગના બધા વિદ્યાર્થીઓ ભેગા થઇ દર મહિને ₹ 32 બચાવે છે. તો 10 મહિનામાં કેટલા રૂપિયા એકઠા થશે ? (01)

3. નિશા પાસે 100 રૂપિયા છે. તેણે ચોથા ભાગના રૂપિયા ખર્ચી નોટબુક ખરીદી. બાકી બચેલ રૂપિયામાંથી 10 રૂપિયાની એક એવી 5 પેન ખરીદી તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચત રહ્યા ? (02)

અ.નિ. ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણમાં વર્ગીકૃત કરે છે તેમજ તેને દોરીને / ટ્રેસ કરીને રજૂ કરે છે.

પ્રશ્ન: 4. માગ્યા મુજબ જવાબ આપો.

1. નીચે આપેલ આકૃતિમાં દર્શાવેલ ખૂણાને કાટકોણથી નાના, કાટકોણ અને કાટકોણથી મોટા ખૂણામાં વર્ગીકૃત કરો. (03)

(a) 

(b) 

(c) 

2. નીચે આપેલ નામમાં માગ્યા મુજબ ખૂણાઓની ગણતરી કરો. (02)

(a) S અને U મૂળાક્ષરોમાં કાટખૂણાની સંખ્યા :

S = _____ કાટખૂણા U = _____ કાટખૂણા

(b) A તથા M મૂળાક્ષરોમાં કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા

A = _____ કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા

M = _____ કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા

અ.નિ. આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણ સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન: 5. માગ્યા મુજબ જવાબ આપો.

1. ઘડિયાળમાં કાંટા એવી રીતે દોરો કે જેમાં કાંટાઓ વચ્ચે નીચે દર્શાવેલ ખૂણા બને. (03)



(a) કાટકોણથી નાનો (b) કાટકોણ (c) કાટકોણથી મોટો

2. તમારા ઘરમાં રહેલ વસ્તુઓમાં ખૂણો બનતો હોય તેવી કોઈપણ બે વસ્તુનાં નામ તથા તેની સામે બનતા ખૂણાઓ લખો. (02)

	વસ્તુનું નામ	ખૂણાઓનાં નામ
(1)	_____	_____
(2)	_____	_____

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ 5 | ગણિત | ઑક્ટોબર, 2020

સમય 1 કલાક | કુલ ગુણ 25

અ.નિ. અધ્યયન નિષ્પત્તિ – Learning Outcome

અ.નિ. આલેખપત્રનો ઉપયોગ કરી વ્યવહારમાં વપરાતી વસ્તુઓનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધે.

પ્રશ્ન: 1 નીચે આપેલ આકૃતિઓ પરથી પ્રશ્નોના જવાબ આપો. (5)

(1) આકૃતિ B ની પરિમિતિ કેટલી છે ?

(2) આકૃતિ A અને D માંથી કોની પરિમિતિ ઓછી છે ?

(3) કઈ આકૃતિનું ક્ષેત્રફળ સૌથી વધુ છે ?

(4) કઈ-કઈ આકૃતિના ક્ષેત્રફળ સમાન છે ?

(5) કઈ આકૃતિની પરિમિતિ અને ક્ષેત્રફળ સમાન છે?



અ.નિ. આપેલ જથ્થાના ચોક્કસ ભાગને સંલગ્ન સંખ્યા (અપૂર્ણાંક) સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન: 2 એક દુકાનદારે લાકડાના કબાટના ખાનામાં 9 સરખા ભાગ કરેલ છે. આ ભાગમાં મુકેલ વસ્તુઓ જોઈ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (5)

પાઉચ	પેન	લંચબોક્સ
લંચબોક્સ	પેન્સિલ	કંપાસ
પેન્સિલ	પેન	પેન્સિલ

1. દુકાનદારે સૌથી વધુ કઈ વસ્તુ મુકેલ છે ? કેટલા ભાગમાં ?
2. કેટલા ભાગમાં કંપાસ મુકેલ છે ?
3. ખાનામાં કેટલા ભાગનો ઉપયોગ પેન મુકવા કરેલ છે ?
4. કઈ-કઈ વસ્તુઓ એક સરખો ભાગ રોકે છે ? કેટલો ?
5. પાઉચ મુકવા કબાટના ખાનાનો $\frac{1}{9}$ ભાગનો ઉપયોગ કરેલ છે. તો બાકીની વસ્તુઓ મુકવા કેટલો ભાગ બાકી રહે ?

અ.નિ. અપૂર્ણાંક આધારિત વ્યવહારું કોયડા ઉકેલે છે.

પ્રશ્ન: 3 માગ્યા મુજબ કરો.

(1) રવીનાને તેની શાળાએ જવા $2\frac{1}{4}$ કિમી અંતર કાપવું પડે છે. તો તેને શાળાએ જવા અને ઘેર પાછા આવતા કુલ કેટલું અંતર કાપવું પડે ? (2)

(2) આપેલ ઘડિયાળના સમયમાં $2\frac{1}{2}$ કલાક પછી કેટલા વાગ્યા હશે ? (1)



(3) મિહિરે ₹ 10.50 માં ચૉકલેટ ખરીદી. દુકાનદારે મિહિરને 1 રૂપિયાના 4 સિક્કા અને 50 પૈસાનો 1 સિક્કો પાછા આપ્યા. તો મિહિરે દુકાનદારને કુલ કેટલા રૂપિયા આપ્યા હશે ? (2)

અ.નિ. પરિભ્રમણીય સંમિતિ ધરાવતા દ્વિ પરિમાણીય આકારો અને મૂળાક્ષરોને ઓળખે છે.

પ્રશ્ન: 4 (1) નીચે આપેલ કયા આકારોને તૂટક રેખાથી બે ભાગમાં વહેંચતા દર્પણ સામે રાખવાથી એ જ ચિત્ર મળે ? (2)



(2) નીચે આપેલ આકારને $\frac{1}{2}$ અને $\frac{1}{4}$ ફેરવતા જે દેખાય તે દોરો. (2)



(i) $\frac{1}{2}$ ફેરવવાથી

(ii) $\frac{1}{4}$ ફેરવવાથી

(3) આપેલ આકૃતિને $\frac{1}{6}$ ફેરવવાથી મળતી આકૃતિ દોરો. (1)



અ.નિ. આપેલ સંખ્યાના સામાન્ય અવયવ અને સામાન્ય અવયવી આપે છે.

પ્રશ્નઃ 5 માગ્યા મુજબ કરો.

(1) 36 નું અવયવ વૃક્ષ દોરો. (2)



(2) 12 અને 18 ના અવયવો નીચે આપેલ વર્તુળમાં લખો. (2)



(3) સસલું અને કાંગારૂ એક સાથે કૂદવાનું ચાલુ કરે છે. જો સસલુ એક વારમાં 3 પગલાં કૂદી શકે અને કાંગારૂ એકવારમાં 5 પગલાં કૂદી શકે તો બંને પહેલીવાર ક્યારે ભેગાં થશે ? (1)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-5 | ગણિત | તા.12/01/2022

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

પ્રશ્ન-1 ગુજરાતના નકશા પરથી પ્રશ્નોના જવાબ આપો. **[5]**



(1) દેવભૂમિ દ્વારકાની ટીમને પૂર્વ દિશા તરફ મુસાફરી કરી બોટાદ પહોંચવા માટે તેઓએ કયા કયા જિલ્લાઓ પસાર કરવા પડે ?

(2) સમીરા સુરત જિલ્લામાં રહે છે. તેની મિત્ર ગીતા મહેસાણા જિલ્લામાં રહે છે. ગીતાને મળવા સમીરાએ કઈ દિશામાં મુસાફરી કરવી પડે ?

(3) સૌથી મોટું ક્ષેત્રફળ ધરાવતો જિલ્લો કયો છે ?

(4) નીચેનામાંથી કયો જિલ્લો ગાંધીનગરથી ઉત્તર દિશામાં આવેલો છે ?

(A) ભરૂચ (B) સાબરકાંઠા (C) દાહોદ (D) નવસારી

(5) નકશા પર 1 સેમી = જમીન પર 40 કિલોમીટર. આ સ્કેલનો ઉપયોગ કરીએ તો મોરબી અમદાવાદથી લગભગ કેટલું દૂર છે ?

(A) 300 કિમી (B) 250 કિમી (C) 200 કિમી (D) 100 કિમી

પ્રશ્ન-2 નીચે આપેલ ઘરના નકશા પરથી જવાબ આપો. પ્રમાણમાપ: 1 સે.મી..= 1 ફૂટ



(1) ઘરના કયા કયા રૂમનાં માપ એકસરખા છે ? (1)

(2) ત્રણ બેડરૂમામાંથી કયા નંબરના બેડરૂમનું ક્ષેત્રફળ સૌથી ઓછું છે ? (1)

(3) રસોડાનું ક્ષેત્રફળ બાથરૂમ-૨ના ક્ષેત્રફળ કરતાં કેટલા ગણું વધારે છે ? (2)

(4) ભોજનકક્ષની લંબાઈ અને પહોળાઈ કેટલી છે ? (1)

(A) 5 ફૂટ લંબાઈ 3 ફૂટ પહોળાઈ (B) 10 ફૂટ લંબાઈ 6 ફૂટ પહોળાઈ

(C) 10 ફૂટ લંબાઈ 3 ફૂટ પહોળાઈ (D) 5 ફૂટ લંબાઈ 6 ફૂટ પહોળાઈ

પ્રશ્ન-3 જોડકાં જોડી સાચી જોડ લખો. **[5]**

અ	બ
I. $\frac{1}{2}$	a. 0.2
II. $\frac{1}{5}$	b. 0.01
III. $\frac{1}{10}$	c. 0.5
IV. $\frac{3}{4}$	d. 0.1
V. $\frac{1}{100}$	e. 0.75

પ્રશ્ન-4 સૂચના પ્રમાણે કરો. (5)

(1) 6 મીટર 45 સેન્ટિમીટર બરાબર

(A) 6.45 મીટર (B) 645 મીટર (C) 6.045 મીટર (D) 51 મીટર

(2) 2 કિલો 700 ગ્રામ બરાબર

(A)2700 કિલોગ્રામ (B) 2.70 કિલોગ્રામ (C) 2.07 કિલોગ્રામ (D) 2.7 ગ્રામ

(3) 4 મિમી બરાબર કેટલા સેમી થાય ?

(A) 4 સેમી (B) 0.4 સેમી (C) 0.04 સેમી (D) 40 સેમી

(4) 500 મિલિની ત્રણ દૂધની થેલી બરાબર કેટલા લિટર દૂધ થાય?

(5) 0.1 રૂપિયા અને 100 પૈસા બેમાંથી મોટું શું ?

પ્રશ્ન-5 વિભાગ A ના ખુલ્લા ખોખાને વાળવાથી કઈ યોગ્ય આકૃતિ મળે વિભાગ B સાથે જોડો. [5]

	વિભાગ A		વિભાગ B
(1)		(a)	
(2)		(b)	
(3)		(c)	
(4)		(d)	
(5)		(e)	

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	M512.1	નકશા પરથી પ્રશ્નોના જવાબ આપે છે.
2	M512	નકશાઓમાં ચિહ્નો, સંજ્ઞાઓ, દિશાના આધારે કોઈ વસ્તુ કે સ્થળનું સ્થાન દર્શાવે છે અને તેનું અર્થઘટન કરે છે.
3	M502.4	આપેલ સાદા અપૂર્ણાંકને દશાંશ અપૂર્ણાંકમાં દર્શાવે છે.
4	M504	લંબાઈ, વજન અને ગુંજાશ જેવી રાશીઓના મોટા અને નાના એકમો જાણે છે તથા તેમની વચ્ચેનો સંબંધ જાણે છે અને નાના એકમોનું મોટા એકમોમાં અને મોટા એકમોનું નાના એકમોમાં પરસ્પર રૂપાંતર કરે છે.
5	M514	શંકુ, નળાકાર અને સમઘનની આકૃતિઓ દોરે છે તથા તે માટે રચેલ જાળી (નેટ)ની મદદથી આકારો બનાવે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 5 | ગણિત | તા. 04/03/2022

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

પ્રશ્ન-1 માગ્યા મુજબ લખો.

(1) એક નાના ઓરડામાં ચોરસ લાદીઓ લગાડવાની છે. લાદીની દરેક બાજુની લંબાઈ 30 સેમી છે. ઓરડાની લંબાઈ 300 સેમી અને પહોળાઈ 180 સેમી છે. તો કેટલી લાદીઓની જરૂર પડે ? (3)



(2) મીના પાસેના કવરની લંબાઈ 15 સેમી અને પહોળાઈ 10 સેમી છે. સ્નેહા પાસેના ચોરસ કવરની લંબાઈ 15 સેમી છે. તો કોનું કવર મોટું હશે ? (2)

પ્રશ્ન-2 આપેલ માહિતીને સ્તંભઆલેખ સ્વરૂપે દર્શાવો. (5)

દિવસ	વેલની ઊંચાઈ (સેમી)
3	1.6
5	5.5
7	8.0
9	10.5
11	11.7

(નોંધઃ સ્તંભાલેખ દોરવા માટે પાછળ મોટી સાઈઝનો આલેખ આપેલ છે. તેનો ઉપયોગ કરી શકો.)



પ્રશ્ન-3 આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (5)



(1) સૌથી વધુ રન કરનાર ક્રિકેટર કોણ છે ?

(2) વિરાટ અને હાર્દિકે કરેલા રનનો તફાવત કેટલો છે ?

(3) રીષભે કેટલા રન કર્યા ?

(4) હાર્દિક કરતા રોહિતે કેટલા રન વધારે કર્યા ?

(5) 30 થી વધુ રન કરનાર ક્રિકેટરોના નામ આપો.

પ્રશ્ન-4 **નીચે આપેલ માહિતી પરથી પ્રશ્નોના જવાબ આપો.** **(5)**

ફૂલ વેચનાર	એક દિવસનો વકરો
રોહિતભાઈ	રૂ. 350
બ્રિજેશભાઈ	રૂ. 900
હેમંતભાઈ	રૂ. 410
જયેશભાઈ	રૂ. 570

(1) કયા ફૂલ વેચનાર સૌથી વધુ વકરો કરે છે ?

(2) રોહિતભાઈ અને જયેશભાઈમાંથી વધુ વકરો કોનો છે ?

(3) હેમંતભાઈનો 2 દિવસનો વકરો કેટલો થાય ?

(4) બ્રિજેશભાઈનો કેટલા દિવસનો વકરો રૂ. 4500 થશે ?

(5) ચારેય ફૂલ વેચનારનો કુલ વકરો કેટલો થાય ?

પ્રશ્ન-5 **દાખલા ગણો.**

(1) એક ગાય દરરોજ આશરે 15 લિટર દૂધ આપે છે, તો એક વર્ષમાં કેટલું દૂધ આપે ? (2)

(2) સુહાના 30 દિવસમાં 240 ગ્લાસ પાણી પીએ છે. તો એક દિવસમાં સરેરાશ કેટલા ગ્લાસ પાણી પીતી હશે ? (2)

(3) નીચે આપેલ લંબચોરસ પ્લોટનું ક્ષેત્રફળ કેટલા ચો. મી. થાય ? (1)



શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	M510	આસપાસના પર્યાવરણમાં જોવા મળતી વસ્તુઓના ક્ષેત્રફળ અને પરિમિતિ શોધે છે.
2	M508.3	એકત્ર કરેલી માહિતીને સ્તંભઆલેખ સ્વરૂપે દર્શાવે છે.
3	M508.6	લંબ આલેખ પરથી માહિતીનું અર્થઘટન કરે છે.
4	M501.7	ચાર મૂળભૂત ક્રિયાઓના પરિણામોનો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.
5	M501.9	ગુણાકાર અને ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.


12
11
10
9
8
7
6
5
4
3
2
1
વેલની ઊંચાઈ (સે.મી)
1
2
3
4
5
6
7
8
9
10
11
12
દિવસ

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ–5 | ગણિત | ઓગષ્ટ, 2021

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

L.O. મોટી સંખ્યા સાથે કામ કરે છે.

પ્રશ્ન-1 આપેલ પ્રશ્નોના જવાબ આપો. (5)

(1) 100 રૂપિયાની સો નોટ એટલે કેટલા હજાર?

(2) 6732 માં 10 એકમ ઉમેરતાં કઈ સંખ્યા મળે?

(3) 5 દશક + 3 શતક + 8 એકમ બરાબર કઈ સંખ્યા મળે?

(4) નવ્વાણું હજારમાંથી નવ હજાર નવસો નેવું બાદ કરતાં શું પરિણામ મળે?

(5) એક શહેરમાં બાળકોની વસતી 4 લાખ છે. તેમાં છોકરાઓ અને છોકરીઓનું પ્રમાણ સમાન છે. તો છોકરીઓની સંખ્યા કેટલા હજાર થાય?

L.O. ચાર મૂળભૂત ક્રિયાઓનાં પરિણામનો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.

પ્રશ્ન-2 નીચે આપેલ કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો.

શાકભાજી	કિગ્રા	₹ ભાવ
ભીંડા	01	₹ 70
બટાકા	03	₹ 90
દૂધી	01	₹ 60

(1) 1 કિલો બટાકા અને 1 કિલો દૂધી લેવા કેટલા રૂપિયા ચૂકવવા પડે? (1)

(2) પ્રિતીબેન પાસે ₹ 200 છે. કયાં કયાં શાક મહત્તમ કેટલા કિગ્રા લઈ શકાય? કેટલા રૂપિયા વધે? (એક કરતાં વધારે શાક લેવાનાં) (2)

(3) કોઈ પણ બે શાકના એકસરખા રૂપિયા ચૂકવવા માટે દરેક શાક કેટલા કિગ્રા લેવું પડે? કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડે? (2)

L.O. ગુણાકાર અને ભાગાકાર આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

પ્રશ્ન-3 નીચેના દાખલા ગણો.

(1) પૂજન દર મહિને ₹ 150 બચત કરે છે. તો એક વર્ષમાં કુલ કેટલા રૂપિયા બચત કરશે? (1)

(2) મીનાબેન સ્કૂટર લેવા માટે બેંકમાંથી ₹ 80,000ની લોન લે છે. તેમણે એક વર્ષમાં કુલ ₹ 82,680 પાછા ચૂકવ્યા. તો દરેક મહિને કેટલા રૂપિયા ચૂકવ્યા હશે? (2)

(3) પ્રદિપ પાસે ₹ 200 છે. તેણે ચોથા ભાગના રૂપિયા ખર્ચી ચીકુ ખરીદ્યાં અને ત્રણ ચતુર્થાંશ ભાગના રૂપિયાથી કેરી ખરીદી. તો કેટલા રૂપિયાનાં ચીકુ અને કેટલા રૂપિયાની કેરી ખરીદી? (2)

L.O. ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણમાં વર્ગીકૃત કરે છે તેમજ તેને દોરીને / ટ્રેસ કરીને રજૂ કરે છે.

પ્રશ્ન-4 માગ્યા મુજબ કરો.

(1) નીચેની આકૃતિઓ પરથી ખૂણાઓના પ્રકાર અને સમય લખો. (3)

ખૂણાનો પ્રકાર : _____

સમય : _____

ખૂણાનો પ્રકાર : _____

સમય : _____

ખૂણાનો પ્રકાર : _____

સમય : _____

(2) નીચે આપેલ ઘડિયાળમાં કાટકોણથી નાનો ખૂણો થાય તેવી રીતે કાંટા દોરો તથા સમય લખો. (2)



સમય : _____



સમય : _____

L.O. આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણ સ્વરૂપે દર્શાવે છે.

પ્રશ્ન-5 ચિત્ર જોઈને વર્ગીકરણ કરો. (લાગુ પડતા ખાનામાં (✓) ખરાંની નિશાની કરો.) (5)

		કાટકોણ	કાટકોણથી મોટો	કાટકોણથી નાનો
(1)				
(2)				
(3)				
(4)				
(5)				

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 5 **ગણિત** **જુલાઈ, 2021**

સમય: 1 કલાક **કુલ ગુણ: 25**

L.O. સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

પ્રશ્ન-1 માગ્યા મુજબ લખો. **(05)**

1. બે અંકની સૌથી નાની સંખ્યામાં 90 ઉમેરતાં કઈ સંખ્યા મળે ?
2. ઉતરતા ક્રમમાં ગોઠવો. 364, 647, 746, 674
3. એક ટ્રકમાં કેરીનાં 3000 બોક્સ સમાય તો કેરીનાં 9000 બોક્સ સમાવવા કેટલી ટ્રકની જરૂર પડે?
4. 2, 3, 8 અંકોમાંથી એવી કઈ-કઈ સંખ્યા મળે કે જેને 2 વડે ભાગતાં શેષ 1 વધે ?
5. એક વર્ગમાં 40 બાળકો છે. દરેકને 1 નોટબુક અને 2 પેન આપવા માટે કેટલી નોટબુક અને પેન જોઈએ ?

L.O. વર્તુળના કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસની સંકલ્પના સમજે છે.

પ્રશ્ન-2 માગ્યા મુજબ જવાબ આપો. **(03)**

1. એક વર્તુળની ત્રિજ્યાનું એક બિંદુ વર્તુળનું કેન્દ્ર હોય તો બીજુ બિંદુ _____ ઉપર હોય.
2. જો વર્તુળનો વ્યાસ 5 સેમી હોય તો ત્રિજ્યા _____ થાય.
3. કોઈપણ વર્તુળને _____ કેન્દ્ર હોય.
4. 3 સેમી ત્રિજ્યાવાળું વર્તુળ દોરી તેના વ્યાસનું માપ જણાવો. **(02)**

L.O. આપેલ આકારને એકમ તરીકે લઈ, ભૌમિતિક આકારો (ત્રિકોણ, લંબચોરસ, ચોરસ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ રજૂ કરે છે.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આપો. **(05)**

1.



હદની લંબાઈ = _____

2.



હદની લંબાઈ = _____

3.



આકાર A માં સમાયેલ ચોરસની સંખ્યા : _____

આકાર B માં સમાયેલ ચોરસની સંખ્યા : _____

4.



હદની લંબાઈ = _____

5.



આપેલ ચોરસમાં 1 સેન્ટિમીટરના માપના કેટલા ચોરસ સમાય? _____

L.O. સંમિતતાને આધારે આપેલ ભૌમિતિક પેટર્નનું અવલોકન કરે છે. ભૌમિતિક પેટર્નને ઓળખે છે અને ભૌમિતિક પેટર્નને આગળ વિસ્તારે છે.

પ્રશ્ન-4 પેટર્ન જુઓ અને તે મુજબ ખાના ભરો. **(05)**

1.

10 અ	20 બ	30 ક		

2.



_____ _____

3. A B B A _____ _____

4.

_____ _____

5. 
_____ _____

L.O. કોષ્ટકમાં આપેલી માહિતીનું અર્થઘટન કરે છે અને તેમાંથી અનુમાન તારવે છે.

પ્રશ્ન-5 એક શાળાના બાળકોને પસંદ પ્રાણીઓનું કોષ્ટક આપેલ છે. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો. **(05)**

પસંદ કરેલ પ્રાણીઓ	વાઘ	સિંહ	જીરાફ
બાળકો	45	15	15

1. કુલ કેટલાં બાળકો છે ?
   (અ) 45 (બ) 75 (ક) 30
2. કયા પ્રાણીઓ બાળકોને સરખા પસંદ છે ?
   (અ) વાઘ-સિંહ (બ) સિંહ-વાઘ (ક) સિંહ-જીરાફ
3. સિંહ પસંદ કરતાં બાળકો કરતાં વાઘ પસંદ કરતાં બાળકો કેટલાં વધારે છે ?
   (અ) 30 (બ) 20 (ક) 15
4. સિંહ અને જીરાફ પસંદ કરતાં બાળકોની કુલ સંખ્યા કેટલી છે ?
   (અ) 15 (બ) 30 (ક) 45
5. કુલ બાળકોમાંથી વાઘ પસંદ કરતાં બાળકોનું પ્રમાણ કેટલું છે ?
   (અ) $\frac{1}{2}$ (બ) $\frac{3}{5}$ (ક) $\frac{3}{4}$